પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬૨ | ૨ ડિસેમ્બર, ૨૦૧૭, શનિવાર ; માગસર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### આમ આદમી પાર્ટીએ યુપીમાં ખાતુ ખોલાવ્યુ

ઉત્તરપ્રદેશની સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભલે ભાજપને પ્રચંડ જનાદેશ મળ્યો હોય પરંતુ આ ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીના ઘણા ઉમેદવારોએ જીત પ્રાપ્ત કરી છે.

### જમ્મુ-કાશ્મીરના હંદવાડામાં લશ્કરે તોયબાનો ઓવરગ્રાઉન્ડ વર્કર ઝડપાયો

ઉત્તરી કાશ્મીરના કુપવાડા જિલ્લાના હંદવાડા ક્ષેત્રમાં સુરક્ષાદળોએ એક ઓવર ગ્રાઉન્ડ વર્કરને ઝડપી લીધો છે. લશ્કરે તોયબા સાથે સંકળાયેલ આ શખ્સ પાસેથી ભારે માત્રામાં હથિયારો પણ ઝડપી લેવાયા છે.

### સિનિયર સિટીઝનો સામે મુંબઈમાં સૌથી વધુ ગુના

સિનિયર સિટીઝનો સામે સૌથી વધુ ગુનાઓના મામલામાં મુંબઈ પ્રથમ સ્થાન ઉપર રહ્યું છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના નવેસરના આંકડામાં આ મુજબનો ઘટસ્ફોટ કરવામાં આવ્યો છે. ડેટામાં જણાવવામાં આવ્યું છે કે, સિનિયર સિટીઝનો સામે સૌથી વધુ ગુનાઓના મામલામાં અમદાવાદ શહેર પણ સામેલ છે.

# યુપીમાં સ્થાનિક સ્વરાજમાં ભાજપનો ડંકો

## ૧૬ નગરનિગમ પૈકી ૧૪ પર ભાજપની શાનદાર જીત : કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીના ગઢ અમેઠીમાં પણ ભાજપની શાનદાર જીત : ગોરખપુરથી અમેઠી સુધી ભગવો : ગુજરાત પૂર્વે મોટી સફળતા મળી



લખનૌ,તા. ૧

ઉત્તર પ્રદેશના સ્થાનિક સંસ્થા ચુંટણીમાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના આક્રમક ચૂંટણી પ્રચાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મેઝિક વચ્ચે ભાજપની શાનદાર જીત થઈ છે. શાસક ભાજપે ઉત્તર પ્રદેશમાં જોરદાર દેખાવ કરીને ફરીએકવાર તમામ રાજકીય પંડિતોની ગણતરી ઉંધી વાળી દીધી છે. ભાજપના વિજય રથ બાદ યોગી આદિત્યનાથે પોતાની પ્રથમ પરીક્ષા મોટા અંતરથી પાસ કરી લીધી છે. ઉત્તર પ્રદેશ સરકારના છ મહિના પૂર્ણ થયા બાદ યોજાયેલી સ્થાનિક ચૂંટણીમાં ભાજપે ૧૬ નગરનિગમો પૈકી ૧૪માં પ્રચંડ વિજય મેળવ્યો છે. બીજી બાજુ ગુજરાત ચૂંટણી પહેલા ભાજપ માટે સૌથી સારા સમાચાર અમેઠીમાંથી આવ્યા છે. રાહુલ ગાંધીના ગઢમાં પણ ભાજપની જીત થઈ છે. સ્થાનિક ચૂંટણીમાં પાર્ટીની શાનદાર જીત બાદ વડાપ્રધાન મોદીએ પોતે યોગી આદિત્યનાથને શુભેચ્છા પાઠવી છે. સ્થાનિક ચૂંટણીના પરિણામ આવ્યા બાદ મોદીએ ટ્વિટ કરીને કહ્યું છે કે, વિકાસની આ દેશમાં ફરી એકવાર જીત થઈ છે. ઉત્તર પ્રદેશ સ્થાનિક ચૂંટણીમાં ભવ્ય જીત માટે પ્રદેશની જનતાનો તેઓ આભાર માને છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને પાર્ટીના તમામ કાર્યકરોને શુભકામના પાઠવે છે. આ જીત અમને જનકલ્યાણની દિશામાં વધુ મહેનત કરવા માટે પ્રેરિત કરશે. ભાજપના પ્રમુખ અમિત શાહે કહ્યું છે કે, ઉત્તર પ્રદેશમાં મતદારોનો તેઓ આભાર માને છે. આ જીત મોદીની કેન્દ્રીય નીતિઓ અને ભાજપની પ્રદેશ સરકારની કામગીરીના પરિણામે મળી છે. તેઓ આ શાનદાર જીત બદલ લોકોનો આભાર માને છે. સ્થાનિક ચૂંટણીના પરિણામ બાદ ભાજપમાં યોગી આદિત્યનાથનું કદ અનેકગણું વધી ગયું છે. ગુજરાત ચૂંટણી પહેલા ભાજપને સંજીવની પણ મળી ગઈ છે. ગુજરાત ચૂંટણી આડે એક સપ્તાહનો સમય બાકી છે ત્યારે આ જીત ખુબ મોટી જીત છે. ઉત્તરપ્રદેશના પરિણામથી ભાજપના કાર્યકરો ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. પરિણામો આજે સવારે આવવાની સાથે ભાજપના કાર્યકરોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. તમામ ૬૫૨ શહેરી સ્થાનિક સંસ્થાઓ માટે સવારે ૮ વાગે મતગણતરી શરૂ થઈ હતી. છેલ્લા સાત મહિનામાં યોગી આદિત્યનાથની કામગીરીના પરિણામ તરીકે પણ આને જોવામાં

● અનુસંધાન પાન-૫ પર

# તમિળનાડુ-કેરળમાં વાવાઝોડાથી જનજીવન ઠપ

## બંને રાજ્યોમાં આઠથી વધુના મોત : અનેક હજુ લાપત્તા : કન્યાકુમારી સહિત અનેક વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ : સ્કૂલોમાં હજુ પણ રજા : વાવાઝોડા અને વરસાદગ્રસ્ત વિસ્તારોમાં બચાવ-રાહત કામગીરી

ચેન્નાઈ,તા. ૧

તમિળનાડુ અને કેરળમાં ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે અભૂતપૂર્વ નુકસાન થયુ છે. મોતનો આંકડો વધીને આઠ પર પહોંચી ગયો છે. બંને રાજ્યોમાં ચાર ચાર લોકોના મોત થયા છે. બંગાળના અખાતમાં ડિપ ડિપ્રેશનની સ્થિતિ ચક્રવાતી વાવાઝોડા ઓખીમાં ફેરવાઈને વધુ તીવ્ર બનતા ભારે વરસાદ થયો છે. ચારેબાજુ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કેરળના પશ્ચિમ અને દરિયાકાંઠાના વિસ્તારોમાં નજર રાખવા માટે કોસ્ટ ગાર્ડ અને અન્ય બચાવ ટીમો સક્રિય થઈ ગઈ છે. હજુ સુધી ૬૯ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. કન્યાકુમારી જિલ્લામાં છેલ્લા ૨૩ કલાકમાં સાત ઈંચથી વધુ વરસાદ થયો છે. તિરુનેવેલી જિલ્લામાં ભારે વરસાદ થતાં જળબંબાકારન સ્થિતિ સર્જાઈ છે. કોસ્ટગાર્ડના જવાનોએ આજે બે જહાજના ૧૬ લોકોને બચાવી લીધા હતા. આ બે જહાજો વાવાઝોડા ઓખીમાં ફસાયા હતા. સ્કૂલોમાં અનેક જગ્યાઓએ રજા જાહેર થઈ છે. કન્યાકુમારી અને તિરુનેવેલીમાં ભારે વરસાદ થયો છે. લોકોને મરીના બીચ ઉપર ન જવા સૂચના આપવામાં આવી છે. ભારે વરસાદના પરિણામ સ્વરુપે કન્યાકુમારીના વિવિધ ભાગોમાં વિજ પુરવઠો ખોરવાઈ ગયો છે અને પીવાના પાણીની તકલીફ ઉભી થઈ છે. કેરળ અને તમિળનાડુ બંનેમાં ભારે નુકસાન થયું છે.

# અમેરિકન નાગરિકતા મેળવવામાં વિશ્વમાં ભારત બીજા ક્રમાંક પર

મુંબઈ,તા. ૧

અમેરિકાની હોમલેન્ડ સિક્યુરિટી વિભાગે હાલમાં જ નવા ડેટા જારી કરીને તમામને ચોંકાવી દીધા છે. જેમાં કહેવામાં આવ્યુ છે કે આ વર્ષે તેના દ્વારા કેટલા લોકોને નાગરિકતા આપવામાં આવી છે. ડેટામાં કહેવામાં આવ્યુ છે કે અમેરિકા નાગરિકતા હાંસલ કરવાના મામલે ભારતીય બીજા સ્થાને રહ્યા છે.વર્ષ ૨૦૧૬ના નાણાંકીય વર્ષમાં અમેરિકાની સરકારે કુલ ૪૬૧૦૦ ભારતીય નાગરિકોને પોતાના દેશની નાગરિકતા આપી છે. જો કે આ મામલે મેક્સિકો પ્રથમ સ્થાને છે. અમરિકાએ આ વર્ષે કુલ ૭.૫૩ લાખ લોકોને પોતાના દેશની નાગરિકતા આપી છે. જેમાં ભારતીય નાગરિકોની સંખ્યા આશરે છ ટકા છે.

# ભારત-શ્રીલંકા વચ્ચે આજથી ટેસ્ટ

દિલ્હી,તા.૧

ભારત અને શ્રીલંકા વચ્ચે આવતીકાલથી ત્રીજી અને અંતિમ ટેસ્ટ મેચ શરૂ થઈ રહી છે. આ ટેસ્ટ મેચમાં પણ જીત મેળવી શ્રેણીને ૨-૦થી જીત મેળવી લેવા ભારતીય ટીમ સુસજ્જ દેખાઈ રહી છે. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમના તમામ ખેલાડીઓનો નૈતિક જુસ્સો આસમાને છે. ટીમના જુસ્સાને જોતા ભારતીય ટીમ દિલ્હીના ફિરોજશાહ કોટલા મેદાન ખાતે હોટફેવરીટ તરીકે મેદાનમાં ઉતરશે. બીજી બાજુ શ્રીલંકા પણ નાગપુર ટેસ્ટમાં કંગાળ દેખાવ કર્યા બાદ વધુ સારો દેખાવ કરવા માટે પ્રયાસ કરે તેવી શક્યતા છે. મેચમાં ટોસ ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકે છે.અત્રે નોંધનીય છે કે નાગપુરમાં રમાયેલી બીજી ટેસ્ટ મેચમાં ભારતે ધારણા પ્રમાણે જ શ્રીલંકા સામે ઐતિહાસિક જીત મેળવી હતી. શ્રીલંકા સામે હજુ સુધીની સૌથી મોટી જીત મેળવ્યા બાદ ક્રિકેટ ચાહકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યું હતું. આ અગાઉ ટીમ ઈન્ડિયાએ બાંગ્લાદેશની સામે એક ઈનિંગ્સ અને ૨૩૯ રને જીત મેળવી હતી. નાગપુરમાં ભારતે એક ઈનિંગ્સ અને ૨૩૯ રને જીત મેળવી હતી જે સૌથી મોટી જીત હતી.

# માનુષીની ભાવિ યોજના અંગે મોદીની સાથે વિસ્તૃત વાતચીત

## દેશને વધુ સારા મેડિકલ શિક્ષણની જરૂર છે : મોદીએ મેડિકલની આ વિદ્યાર્થિનીની ભરપુર પ્રશંસા કરી



નવી દિલ્હી,તા. ૧

તાજેતરમાં જ મિસ વર્લ્ડનો તાજ જીતીને ભારતનુ નામ રોશન કરનાર માનુષી છિલ્લરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વિસ્તારપૂર્વક વાતચીત કરી છે. મેડિકલની વિદ્યાર્થીની માનુષી છિલ્લર દવા પર આધારિત અભ્યાસ કરી રહી છે. તે ભારતમાં દવાની ગુણવત્તા વધારી દેવાના વિષય પર કામ કરવા માટે તૈયાર છે. માનુષી જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે પહોંચી ત્યારે માનુષીએ વડાપ્રધાન સાથે પોતાની ભાવિ યોજના અંગે વિસ્તારપૂર્વક વાત કરી હતી. આ ગાળા દરમિયાન તેના પરિવારના સભ્યો પણ હાજર રહ્યા હતા. તેના પિતા મિત્રા બસુ છિલ્લરે માહિતી આપતા કહ્યુ છે કે મોદીએ આ યુવા મેડિકલ વિદ્યાર્થિનીની ભારે પ્રશંસા કરી હતી. મોદીએ કહ્યુ હતુ કે પુત્રીએ ભારતનુ નામ રોશન કર્યુ છે. મિત્રાએકહ્યુ છે કે આ વર્ષે મિસ વર્લ્ડનો તાજ જીતી ચુકેલી માનુષીએ કલર્સ ફેમિના મિસ ઈન્ડિયાનો તાજ પણ જીતી ચુકી છે. માનુષીએ કહ્યુ હતુ કે તે પાસેથી તેને ઘણુ બધુ મળ્યુ છે. માનુષીએ મોદીને પોતાની ભાવિ યોજના અંગે વાત કરી હતી. માનુષીએ કહ્યુ હતુ કે તે શક્તિ પ્રોજેક્ટ હેઠળ મેન્સટુઅલ હાઈજીન પ્રત્યે દેશમાં જાગૃતિ લાવવા માંગે છે. માનુષીએ વડાપ્રધાનને વિશ્વાસ આપતા કહ્યુ હતુ કે તે આવનાર દિવસોમાં તેમના વિજનને પણ આગળ વધારશે. મોદી સાથે વાતચીત વેળા તેની સાથે માતાપિતા, દાદા દાદી, ભાઈ અને બહેન પણ રહ્યા હતા.

# પેશાવર યુનિવર્સિટી પાસે ફરી હુમલો : ૯ના મોત

## પાંચ આત્મઘાતી બોંબરોએ ભીષણ હુમલો કર્યો : તમામ પાંચેય ત્રાસવાદીઓ ઠાર હથિયારોનો જંગી જથ્થો જપ્ત કરાયો : હુમલામાં ૩૭ લોકો ઇજાગ્રસ્ત થયા

પેશાવર,તા. ૧

પેશાવર યુનિવર્સિટી રોડ ઉપર કૃષિ નિર્દેશાલયની અંદર થયેલા ત્રાસવાદી હુમલામાં આજે નવ વિદ્યાર્થીઓના મોત થયા હતા અને ૩૭ લોકો ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા લોકો પૈકી અનેકની હાલત ગંભીર જણાવવામાં આવી છે જેથી મોતનો આંકડો વધવાની દહેશત છે. સુરક્ષા દળોએ હુમલા અંગે માહિતી મળ્યા બાદ જોરદાર ઓપરેશન હાથ ધર્યું હતું. આ હુમલાની જવાબદારી તહેરીકે તાલિબાને સ્વીકારી લીધી છે. પેશાવરમાં ઈમરજન્સીની જાહેરાત કરી દેવામાં આવી છે. યુનિવર્સિટી તરફ જતા રસ્તાઓને બંધ કરી દેવામાં આવ્યા છે. સ્થાનિક મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, ત્રણ હુમલાખોરો યુનિવર્સિટીની પાસે પહોંચ્યા હતા અને અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. આ હુમલામાં સેનાના બે જવાન પણ ઘાયલ થયા હતા. ત્રણ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા છે. કેટલાક અહેવાલમાં ચાર ત્રાસવાદીઓને ઠાર કરાયા હોવાના અહેવાલ પણ મળ્યા છે. પાંચ હુમલાખોરો આત્મઘાતી જેકેટ પહેરીને ઘુસ્યા હતા. તમામ ત્રાસવાદીઓને ઠાર કરી દેવામાં આવ્યા છે. ઠાર થયેલા



ત્રાસવાદીઓની પાસેથી આત્મઘાતી જેકેટ, ત્રણ ગ્રેનેડ, હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. આજે સવારે ૮.૧૫ વાગ્યાની આસપાસ યુનિવર્સિટીની નજીક ગોળીબારની શરૂઆત થઈ હતી. તમામ લોકો ઉંઘી રહ્યા હતા ત્યારે આ હુમલાની શરૂઆત થઈ હતી. અંધાધૂંધ ગોળીબાર શરૂ થયા બાદ સુરક્ષા જવાનોએ પણ તરત મોરચા સંભાળી લીધા હતા. છેલ્લા એક સપ્તાહના ગાળામાં પેશાવરમાં બીજો મોટો હુમલો કરવામાં આવ્યો છે. આ અગાઉ શહેરના હતાયાબાદમાં આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો હતો જેમાં વરિષ્ઠ પોલીસ અધિકારી મોહમ્મદ અશરફ નુર શહીદ થયા હતા.








